DATE :- 10-02-2026
SANDESH, PAGE-2, SURAT

# નીચે મેટ્રોની ગુંજ, ઉપર બુલેટ ટ્રેનની રફતાર

**તમામ અંડરગ્રાઉન્ડ સ્ટેશનોનું કામ પણ ઝડપી શરૂ કરી દેવાયું**

## મેટ્રો પ્રોજેક્ટ : ૬.૪ કિમી ટનલનું કામ પૂર્ણ, ટીબીએમ ટૂંકમાં બહાર નીકળશે

। સુરત ।

સુરતીલાલાઓ મેટ્રોમાં ટૂંકમાં જ ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચેની સવારી કરશે, તેનાથી આગળ જતા અંડરગ્રાઉન્ડ સ્ટેશનો માટે પણ પુરજોશમાં તૈયારીઓ ચાલુ છે. કાપોદ્રાથી ચોકબજાર વચ્ચે ૬.૪૦ કિલોમીટરની ડાઉન લાઈન ટનલનું કામ છ મહિના પહેલાં જ પૂર્ણ થયા બાદ હવે અપ લાઈન ટનલનું કામ પણ લગભગ પુર્ણ થઈ ગયુ છે. આગામી એક-બે દિવસમાં ટીબીએમ મશીન ટનલ પૂરી કરી બહાર આવે તે માટેની અધિકારીઓ રાહ જોઈ રહ્યા છે.

સુરતીઓ માટે ટ્રાન્સપોર્ટેશનની દૃષ્ટિએ મહત્વપૂર્ણ ૧૨ હજાર કરોડ રૂપિયાથી વધુના મેટ્રો પ્રોજેક્ટનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ચુક્યુ છે અને ચાલુ વર્ષે કોરિડોર-૧ પર ટ્રેન દોડાવાશે. સૌપ્રથમ ડ્રીમ સિટીથી સરથાણા સુધીના ટ્રેક પર આગામી નજીકના દિવસોમાં જ ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે ટ્રેન દોડાવવામાં આવશે. તે સિવાયના બાકી ટ્રેક ઉપર પણ પાટા નાખવા સહિતની કામગીરી જારી છે.

**ડાઉન લાઇન ટનલનું કામ ઓગસ્ટમાં પૂરું થયા બાદ હવે અપ લાઇનનું કામ પણ પૂરું**

૨૧.૬૧ કિલોમીટરના કોરિડોર-૧ પર ૨૧.૬૧ કિલોમીટરના વિસ્તારમાં ૨૦ સ્ટેશનો પૈકી ૧૫.૧૪ કિલોમીટર સુધી એલિવેટેડ રૂટ છે. જ્યારે ૬.૪૭ કિલોમીટરમાં અંડરગ્રાઉન્ડ ૦૬ સ્ટેશનો છે. કાપોદ્રાથી ચોકબજાર સુધી અંડરગ્રાઉન્ડ સ્ટેશનો માટે ડાઉન લાઈન ટનલનું કામ આશરે ચાર મહિના પહેલાં જ પૂર્ણ થયું હતું જ્યારે અપ લાઈન ટનલનું કામ પણ લગભગ પૂરું થઈ ગયું છે. હવે ટીબીએમ (ટનલ બોરિંગ મશીન) એક-બે દિવસમાં ટનલમાં બહાર આવે તે માટેની રાહ જોવાઈ રહી છે.

- મેટ્રો પ્રોજેક્ટમાં ૬.૪૦ કિલોમીટર લાંબી અંડરગ્રાઉન્ડ અપલાઇન ટનલનું કામ લગભગ પૂર્ણ.
- ચોકબજારથી પ્રવેશ કર્યા બાદ મેટ્રો ટ્રેન ચાર સ્ટેશન પર થોભીને કાપોદ્રા બહાર નીકળશે.
- ટ્રેનના કોચ સુરત આવ્યા બાદ નક્કી કરાયેલા રૂટ પર મેટ્રોને દોડાવવાની ચાલતી તૈયારી.
- ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે સૌથી પહેલા મેટ્રો ટ્રેનની દોડાવવા ટ્રેક પણ નાંખી દેવાયા.

**ઝડપી કામગીરી માટે વધારાના મેનપાવર દ્વારા રાત-દિવસ કામગીરી**

## સુરત બુલેટ ટ્રેન સ્ટેશનનું ઈન્ટીરિયર કામ પુરજોશમાં, ઓગસ્ટ સુધીમાં તૈયાર

। સુરત ।

અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી દેશની પ્રથમ હાઈ-સ્પીડ બુલેટ ટ્રેન પરિયોજના હવે સાકાર થવા તરફ આગળ વધી રહી છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હેઠળ સુરતના અંત્રોલી ખાતે નિર્માણ પામી રહેલું હાઈ-સ્પીડ રેલ સ્ટેશન હવે તેના અંતિમ તબક્કામાં પ્રવેશ્યું છે. સ્ટેશનના બાહ્ય માળખા બાદ હવે આંતરિક સજાવટ એટલે કે ઈન્ટીરિયર વર્ક શરૂ કરી દેવામાં આવ્યું છે. જેમાં સુરતની વૈશ્વિક ઓળખ એવી 'હીરા'ની ઝલક જોવા મળશે.

સુરત વિશ્વભરમાં 'ડાયમંડ સિટી' તરીકે જાણીતું છે, ત્યારે રેલવે તંત્ર દ્વારા બુલેટ ટ્રેન સ્ટેશનના ઈન્ટીરિયરમાં પણ આ જ થીમને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. સ્ટેશને ડાયમંડ શેપમાં (હીરા આકાર) તૈયાર કરાયું છે. આ અદ્ભુત ડિઝાઈન મુસાફરો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે અને સ્ટેશનને એક લક્ઝુરિયસ લૂક આપશે. હાલ સ્ટેશનની અંદર ફિનિશિંગ અને વિવિધ ટેકનિકલ સેવાઓના ઈન્સ્ટોલેશનની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ભવિષ્યમાં મુસાફરોનો ધસારો વધશે. ત્યારે ધસારાને ધ્યાનમાં રાખીને સ્ટેશનનું પ્લાનિંગ 'હાઈ કેપેસિટી પેસેન્જર મૂવમેન્ટ' મુજબ કરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ સાથે સંકળાયેલા અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુરત બુલેટ ટ્રેન સ્ટેશનનું સંપૂર્ણ કામ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. સમય મર્યાદા પહેલા કામ પૂર્ણ કરવા માટે વધારાના મેનપાવર સાથે રાત-દિવસ કામગીરી કરવામાં આવી રહી છે. આ સ્ટેશન કાર્યરત થતાં જ સુરત દેશના હાઈ-સ્પીડ રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં એક નવો ઈતિહાસ રચશે.

**૨૦૨૬ના અંતમાં સુરતથી બીલીમોરા સુધી બુલેટ ટ્રેન દોડાવવા તંત્રની તજવીજ**

- સુગમ અવરજવર : ઍન્ટ્રી, એક્ઝિટ, પ્લેટફોર્મ સુધી પહોંચવા આધુનિક સર્ક્યુલેશન એરિયા.
- ટેક્નોલોજી : એડવાન્સ્ડ ટિકિટિંગ સિસ્ટમ અને રિયલ-ટાઇમ ડિજિટલ ડિસ્પ્લે.
- સુવિધાઓ : આરામદાયક વેટિંગ એરિયા, હાઈ-સ્પીડ લિફ્ટ અને એસ્કેલેટર્સ.
- સુરક્ષા : સુરક્ષા માટે સ્ટેશનમાં આધુનિક સર્વેલન્સ સિસ્ટમ લગાવવામાં આવશે.